મી૦ મ૦ કા૦ મનસુખનું ભાશાણ.

ડાકટર હો૦ કુ૦ તવરીઆનાં

આપઘાતનાં ગુનાહને લગતો તીરસ્કાર

તથા

ઘટતી ચાંનક આપનારો બોધ

અને

ઉપયોગી ટીકા.

(કીંમત આના ચાર.)

મુંબઇ:

મેહેર પ્રીંટીંગ વર્કસમાં છપાવ્યું છે.

ઇસવી સને ૧૯૦૦ માસ આગસ્ટ.

મી૦ મનચેરજી મનસુખનું ભાષાણ.

ડાકટર હોરમજી કુંવરજી તવરીઆના આપઘાટના મોટા ગુનાહને લગતો તીરસકાર તથા વટતી ચાનક આપનારો બોધ અને ઉપયોગી ટીકા.

(મુંબઈ સમાચારના તા૦ ૨૭ મી જુલાઈ ૧૯૦૦ ની તારીખના અંક ઉપરથી.)

"આપઘાત કરવાના માહા પાપ સામે તીરસકાર તથા મરનાર ડાકટર હોરમજી કુંવરજી તવરીયાની યાદગારી રાખવી જોઇયે કે નહી" તે વીષે મી૦ મનસુખે ગઇ કાલે એઆને તા૦ ૨૬ મી જુલાઇને દીને આપેલું ભાષણ.

"આપઘાત કરવાના માહાપાપ સામે તીરસકાર તથા મરનાર ડાકટર હોરમજી કુંવરજી તવરીયાની યાદગારી રાખવી જોઇયે કે કેમ" એ વીષય ઉપર અત્રેના નવા આતસબેહેરામના દીવાનખાનામાં ગઇ કાલે સાંજે સાડા પાંચ કલાકે મી૦ મનસુખે એક ભાષણ આપ્યું હતું. સાંભળનારા ગ્રહસ્થો તથા બાનુંઓથી આખું દીવાનખાનું ચીકાર થઇ ગયું હતું. શરૂઆતમાં ભાષણ કરતાએ પોતાના ભાષણનો આરંભ કરતાં જણાવ્યું કે :—

"**મીજલસની બાનુઓ અને ગ્રહસ્થો**—આજદીનનું મારી તરફનું બોલવું મારાં આગલાં ભાષણોથી કંઇક જુદીજ પ્રકારનું છે, અને તે તમો તમારી તરફથી સદા બતાવવામાં આવતી ધીરજ અને સારાં ધ્યાનથી સાંભળી લેવાની મેહેરબાની કરશો એવી ઉમેદ છે. આપઘાત કરવો એ મહા જબુન પાપ છે, અને તમામ દાનાવોનાં મત મુજબ, તેમજ તમામ ખરા પેગંબરી ધરમોનાં ફરમાનો અને એતેકાદ મુજબ એ પાપની સજા આ

મારી છે, યાને કબુલી માફ નહીં થઇ શકે તેવી છે, અને તેથી એવો ગુનાહ કરનાર શખ્સ પેલી જેહાનમાં સદાકાળનો હેરાન અને સરગરદાન રહે છે, એવું યકીન અસલી જમાનાથી ચાલુ રહેલું છે, એવું હું પોતે સમજુ છું અને માનું છું, તેથી મરનાર ડાકટર હોરમજી તવરીઆની યાદગારી રાખવા રખાવવા સારૂ, તેવણના મીત્રો અને ખેરખાહોની એક સભા, આવતા શનીવારે યાને આવતી પરમ દીને ભેગી મળનાર છે, એવી એક જાહેર ખબર મી૦ સોરાબજી ખરશેદજી ઘોંડીની સહી સાથેની મારા વાંચવામાં આવ્યાથી, એ કામ બાબે ખુદ મારી તરફનો કેટલોક અગતનો ખુલાસો, દીનદારીની રાહે અને મારા હમજાતીઓની ખરી ખેરખાહી અને ભલાઇ ઇચ્છીને, જાહેર કરવાને મારી ખાસ ફરજ સમજુ છું. આટલી હકીકત તમો સાહેબોએ યાદ રાખવી જોઇએ છે કે, મરનાર ડાકટર તવરીઆ જેવા સદગુણી, તથા કાબેલ તથા ખરી લાયકી અને સાલેસાઇ ભરેલા જવાન ડાકટરનાં મોટાં દુખદાયક મરણની યાદગારી અથવા નોંધ રાખવા રખાવવાને લાયકના જો કોઇબી ગ્રહસ્થ હોય તો તે મજકુર મી૦ સોરાબજી ઘોંડીજ છે.

મીજલસના સાહેબો, ઉપર મુજબની શુરૂઆતની ટીકા પછી હવે હું આપઘાત કરવાની બદી વાસે, તેમુજ મજકુર મી૦ સોરાબજી ઘોંડી અને તેવણના સાથી સોબતીઓ, જે મજકુર આપઘાત કરનાર ડાકટર તવરીઆની કીર્તી અથવા કામની "યાદગારી રાખવા રખાવવા" જેવું કામ કરવાને અને તે બાબેની એક સભા આવતી પરમ દીને બોલાવવાને મેદાન પડયા છે તે વાસે ઘટતી રીતની તેમજ દુરઅંદેશી ભરેલી સુચના અને ટીકા કરવાની રજા લઉં છું.

આપઘાત એ મહા ગુરૂ અને બેહુ જેહાનમાં અતીઘણી મોટી પીડાકારીમાં ગીરફતાર કરનારૂં અને રીબાવનારૂં કામ છે, એમ સરવે ખરા દાનાવો લગભગ એકમતેથી, રોજે અવલથી તે આજ દીન તલક જણાવતા આવ્યા છે. પરવરદેગારે મનુષ જાતને બખશેલી પ્રાણ જેવી ખરી પવીત્ર અને ઉતમમાં ઉતમ ચીજનો નાશ કરવો તેમાં ખરેખરો મરગરજાની ગુનાહ સમાયલો છે.

"Against self-slaughter, there is a prohibition so divine, that cravens my weak hand."

ઉપલા શબ્દો "શેકસપીઅર" જેવા બુજરગ કવીના છે, અને આગલા જમાનામાં કવીઓ અથવા ખરા શાએરોબી પેગમબરો તરીકેનું માન અકરામ ભોગવતા હતા, એટલી હકીકત તમોએ યાદ રાખવી જોઇએ છે.

ઉપલા સખુનોમાં એ કવીનો સમજાવવાનો ખરો સાર એજ છે કે પરવરદેગારની તરફની સખત મનાઇ આપઘાત કરવા બાબેની છે, કે જે કામ વાષે વીચાર કરતાંજ મારા નબળા હાથને ધ્રુજરાં છુટે છે, માણસજાત જ્યારે ખુદ પોતાનાં બેસમજપણાથી કોઇ જાતની નીરાશીની ટોંચે પોહોંચે છે, ત્યારે આપઘાત જેવું કરપીણ કામ કરવાપર જખુન ગુનાહ ભરેલી હુલડાઇ કરે છે. એક બીજો દાનાવ શાએર ખોલ્લી રીતે એવા સખુનો લખી ગયો છે કે,—

O! deaf to Nature, and to Heaven's Command,
Against thyself to lift the murdering hand,
O! damned Despair!—to shun the living light,
And plunge thy guilty soul in endless Night.

ઉપલા અંગ્રેજી સખુનોનો સાર એવો છેકે, એ કુદરતનાં ખુબીવંતા ભેદ ભરમ અને બખશેશથી નાવાકેફ રહેલા શખ્સ, તેમજ તે પરવરદેગારનાં ખરાં ફરમાનથી ઉલટી રીતે ચાલનારા પાપી, તું ખુદ તારો પ્યારો પ્રાણ તારાં તનથી જુદો કરવા કીજે, તારો હાથ કામે લગાડવાની અને તે સાહેબે બખશેલી જાનનું નુર નીશાન નાબુદ કરવાની કોશેશ કરે છે, તેથી જાણે તારૂં જીવતર અથવા તારો પાપી જીવડો સદાકાળનાં અંધકારના દોજખમાં ગીર-ફતાર કરે છે.

વળી " બલેર " નામનો પ્રખ્યાત ગ્રંથકાર એમ સમજાવી ગયો છે કે,—

Our time is fixed; and all our days are numbered;
How long, how short, we know not; this we know,
Duty requires we calmly wait the summons,
Nor dare to stir till Heaven shall give permission,
Like sentries that must keep their destined stand,
And wait the appointed hour, till they are relieved.
Those only are the brave who keep their ground,
And keep it to the last.
To run away is but a coward's trick:

ઉપલો દાનાવ અંગ્રેજ વીદવાન એમ સમજાવી ગયો છે કે,—" એ ભાઇ આપણી જીંદગીનો વખત અથવા મુદત ખોદાતાલાએ મુકરર કીધેલી છે, અને આપણી જીંદગીનો દરએક દીવસ તે પોતાની ગણતરીમાં લેતો રહે છે, તે હકીકત તુંએ ખુબ યાદ રાખવી. કેટલી લાંબી અથવા કેટલી ટુંકી મુદત તલકની જીંદગી તે સાહેબે આપણને બખસેલી છે, તે વીશે આપ-

ખુને અજાણ્યા રાખેલા છે, પણ આટલુ તો આપણે જાણીએ છીએ, અથવા આપણને જણાવ્યામાં આવી ચુકેલું છે કે, જહાં તલક તે સાહેબની તરફનો હોકમ તેની દરબાર તરફ જવાનો આવે, ત્યાં તલક ગુપચુપ રીતેથી અથવા ગડબડ કર્યા વીના આપણી જીંદગી ભોગવતા રેહેવાની આપણી ખાસ ફરજ છે. જ્યાં તલક તે સાહેબનો પોતાનો ખાસ હોકમ મળે નહીં, ત્યાં તલક કંઇબી રીતની હીલચાલ કરવાની તારી તાકાત નથી. જેમકે એક લશકરી પોહોરેગીર સીપાઇને, તેના કામ ઉપર ચાલુ રેહેવાનો હોકમ મળે ત્યાં તલક તેણે રહેવુંજ જોઇએ, અને જ્યારે તેની બદલીએ બીજો પોહોરેગીર આવે ત્યારેજ તે ફારેગ થઇ શકે. ખરા બહાદુરો તે. તેજ શખશો કે જેઓ છેલી ઘડી સુધી પોતાની મુકરર થયલી જગા અને કામ ઉપર ચાલુ રહે છે. પણ જે શખસો પોતાના વખતની આગમચ નાહાસી જવાની પેરવી કરે છે, તેઓ ખરા હીચકારા અને ખરી સજાને લાયક ગણાય છે. એજ મીશાલે જે સખસો કોઇ પ્રકારની આ દુનીઆની પીડા અથવા દુખથી બચવા અથવા છુટકારો પામવાની ધારણાથી, પોતાના કુદરતી મોહોતની ઘડીની આગમચથી પોતાનો આપઘાત કરી મરે છે, તેઓ ઓર વધારે બુરી હાલત અને સઉથી મોટી મુસીબતમાં ગીરફતાર થાય છે.

ઇંગ્લંડનાં મુલકમાંબી. આપઘાટ ઘણો મોટો ગુનાહ ગણાતો હતો, અને તેથી તેવા ખુનીની તમામ માલ-મીલકતબી સરકાર જપ્ત કરી લેતી હતી, એટલુંજ નહી, પણ તે ખુનીનું પોતાનું કંઇ લેણુ બીજા આસામીઓ પર નીકળતું તેબી સરકારજ વસુલ કરી લેતી હતી.

"Suicide by the Law of England is a crime, the legal effect of which is a forfeiture to the Crown of all the personal property which the party had at the time he committed the act by which the death was caused, including the Debts due to him."

આગલા વખતપર પારસી પંચાત અસતકથીબો એજ મુજબની સજા થતી હતી.

આગલા વખત પર પારસી પંચાતબી "આપઘાટ" કરનારને દોખમાં મધે નાંખવાને ઘટતું વીચારતા નહી હતા, તેથી એકુ પાપી દુરવંદ જેવાને અથવા બીજી રીતનાં તકસીર વારને "ચોતરા" ઉપર એહલાએદી નાંખે તેમ તે આપઘાટ કરનારની લાસને નાંખીને, દીનઆઇન મુજબની કીયાબી

નહી કરાવતા હતા. સબબ કે પારસી લોકોનાં એતેકાદ મુજબ, એવી તકસીર કરનારને તેઓ ખરો દોજખીજ ગણતા હતા. પણ જ્યારે પંચાતનો દોર અને સતા કેટલાએક હુલર અને પારશી એતેકાદ તથા સંસારની ખરાબી કરનાર શખ્સોએ નાબુદ કીધી, ત્યારથી તરેહવાર રીતની બદ ચાલનો ફેલાવો પારસી કોમમાં નીરભયથી ચાલુ રહેલો છે. સુધારાને નામે બદકારી ભરેલા એશ-આરામ અને અનીતીમાન છુટછાટ દીન ઉગે વધતીજ જાય છે, અને તેથી બીજી રીતનાં કમોહતો ઉપરાંત "આપઘાટ"નાં મોહતોબી પારસી કોમમાં બીજી કોમનાં લોકો કરતાંને ઘણા વધારેને વધારેજ થતાં રહ્યાં છે.

મુંબઇની કુલે વસ્તી લગભગ ૯,૦૦,૦૦૦) નવ લાખની છે, તેમાં હીંદુ-ઓની ૪) લાખની, તથા મુસલમાનોની ૩) ત્રણ લાખની, બીજી કોમોની ૧,૫૦,૦૦૦) દોહડ લાખની, અને પારસીઓની વસ્તી માત્ર ૪૦,૦૦૦) ચાલીસ હજારની છે, તોબી મુસલમાનો અને હીંદુઓ કરતાંને પારસીઓમાં ચારથી છ ગણા વધારે "આપઘાટો"ની ગણત્રી લેવાઇ છે, અને ક્રીસ્ટીઅનો અથવા યુરોપીયનોની વસ્તી જે આસરે ૨૦) વીસ હજારની છે, તે કરતાંને પારસી-ઓમાં બમણા આપઘાટો વધુ થાય છે! એ હકીકત મોટો અફસોસ ઉપ-જાવનારી છે તેમાં શક શું? આજના પારસીઓની બરબાદી જે દીન ઉગે બીજી અનેક રીતેથી થતી ચાલી છે, તેમાં આબી એક ઘણોજ મોટો કમકમાટ ભરેલો વધારો ગણાય છે, અને એના અટકાવ કીજે ઘણાજ ચાંપતા ઇલાજો લેવાવા જોઇએ છે.

કારોનરની જુરી આગલ જે શાખશી, એક સાચા તથા પ્રમાણીક અને ભલી મનશનીના મીત્ર તરીકે સોગન ખાઇને આપી હતી, અને મરનાર ડાકટરના આપઘાટના ગુપ્ત કારણનો પરદો ખુલ્લો કરી બતાવાની મોટી ખુબી ભરેલી દલેરી મી૦ સોરાબજી ઘોંદીએ બતાવી હતી, તે વીશે તમામ સચાઇના સાથીઓ અને તારીફ લાયક "**પબલીક સ્પીરીટ**"ના હીમા-યતીઓ, મી૦ સો૦ ઘોંડીની વખાણ ગાયા વગર, બલકે તેવણનો મોટો ઉપકાર થયલો માન્યા વગર રહેશે નહી. ડાકટર તવરીયા જેવો ગુનવંતો અને પરોપકારી ખવાસનો એક ઉગરતો અને ભલી આશાવંતો જરથોસ્તી નર, "આપઘાટ" જેવું માહ જબુન કામ કરે, અને તેનું કારણ અંધારાની અથવા અંજાણપણાની ચાદર હેઠલ ઢંકાઇ રહે તો, તેથી જરથોસ્તી કોમના તમામ દીનદાર અને ચંચલ ગ્રહસ્થોને, તેમજ વઇડાં અથવા ડાકટરપણાંના સઉથી ઉતમ પેસામાં મશગુલ રહેતા જુવાન તેમજ બુજરગ આસામીઓને મોટી ખેજાલત અને વસવસામાં રહેવું પડને તેમાં કંઇ શક નથી. એટલી

શાબાશી અને વખાણના સખુનો, મજકુર મી૦ ધોંડી વીશે પ્રથમમાં કહેવાની મારી મુળ મતલબ એ છે કે, નખાસતે ખોદા, હવે પછી કોઇબી બીજાં કારણસર એવા બનાવ બને તો, વાજબી ઇનસાફને ખાતર, તેમજ આલમના લોકોની ભલાઇ અને આબાદી સાચવવાને ખાતર, બીજા દીનદાર અને દેશ-હીતકારીક દીલના ગ્રહસ્થોનેબી હરોલમાં આવતા રહેવાની ફીકર અને હીમત રહે.

અધરમી ને નાસતીક કેલવણીનો શરૂઆત પછેથીજ પારસીઓમાં આપઘાત વધ્યા છે.

વલી તપાસ કરતાં માલમ પડયું છે કે, પારસી કોમમાં પેલી નાસતીક અને અધરમી કેલવણીની પલીદીની શરૂઆત અથવા ફેલાવો થતાંજ, પારસીઓમાં આપઘાતોનાં નજીશ પાપનો વધારો થતો ચાલ્યો છે. એવી કેલવણી તરફ આજ લાંબી મુદત થઇ ખરા સમજુઓ અને દીનદાર શખસો જે હર પલે ધીક્કાર અને તુચ્છકાર બતાવતા રહ્યા છે, તે ઘણુંજ વાજબી અને બરહક છે. એવી દુશત કેલવણીને લીધે, આજના પારસી સંસારમાં કંઇબી સંકટ કે દુઃખ જેવું જણાતાંજ, પારસી પુરૂષો અને સ્ત્રીઓ પોતાની સમજ અને સહનશકતી ખોહી દીએ છે, અને આપઘાતનાં બુરાં કરતુકમાંજ પોતાનું છેલું સુખ અને છુટકારો થયલો સમજે છે.

આપઘાત કીધાથી દુઃખ દરદ મટતાં કે ઘટતાં નથી, પણ ઓર પુશકલ રીતેથી વધે છે, અને તેનાં રવાનને પેલી જેહાંનમાં "ચીનવદ પુલ"— તરફ ગુજર મલી શકતી નથી.

ધરમ તથા નીતી સંબંધીનાં પોતાનાં અજ્ઞાનને લીધે, તે કુદરતે બક્ષેલા પ્રાણ અથવા રવાનની અસલ ખુબી અને પવીત્રાઇ, આજનાં જુવાન પારસીઓ અને પારસણો સમજતાં નથી. કોઇ દેખઇતાં કે દુરથી સમજાતાં દુઃખ અને સંકટને લીધે, એવા પારસી શખસો સેહજમાં પોતાની હીમત અને બરદાસ્ત શકતી ખોહી દીએ છે, અને જો મોત આવે તો તેઓએ

સઘલાં દુખોનો અંત આવી ગયલો માનીને, "આપઘાત"નાં માઠા મુજી કર્મો કરવા મંડી જાય છે. પણ એવા પાપી શખસોએ જાણવું જોઇએ છે કે; એવાં મરણથી તેઓનું ધારેલું સુખ—સંપજ, કે કરાર અને રાહતનો છુટકારો મલી શકતો નથી, પણ ઓર કુદરતની તરફની બએ અંકાર સજાની જાસતી વધેછે.

વલી આપઘાત કરનારનો પ્રાણ પેલી જેહાંનનાં સુખના "ચીનવદ" પુલની જગા અને સરહદ તરફ જઇ શકતો નથી, તે વીશેનો એસારો આપણા "વંદીદાદ"નાં મોતેબર પુસ્તકમાંથી મલે છે,—તેમજ ડાકટર "હાર્ટમેન" નામનો યુરોપ્યન વીદ્વાનબી સમજાવી ગયો છે કે:—

"આપઘાતના દાખલાઓમાં જેને જીવ અથવા પ્રાણ કેહવામાં આવે છે, તે બાકી શરીરનાં મરણ પામવા પછી પણ ચાલુ રહે છે, કે જેને ભાન કહીએ છઇએ. ત્યારે એવાં કમબખ્ત માણસોની લાશને કેમ અને કેવી તદબીરોથી પાધરી રીતે ઠેકાણે પાડવી જોઇએ, તે એક મોટી અગતનો સવાલ રહે છે."—

"સબબ કે આપઘાત કરનારનાં મરણ પછી, તેનાં રવાનનો સંબંધ તેનાં શરીર સાથે ચાલુ અથવા વલગેલો રહે છે, એવો બનાવ બનવા જોગ છે." અને એવું એકીન એકથી વધુ કોમનાં લોકોનું છે.

મરનાર નશરવાનજી બેરામજી સેક્રેટરીનાં રવાનનાં રીબવાની અને નામદાર સર દીનશાજીએ કરાવેલી અગતની કીયાની વાત.

આપઘાત કરનારનુ રવાન સેહલાઇથી પોતાની અવલમંજલની અથવા પેલી જેહાંનની મુકરર થએલી જગો પર જઇ શકતું નથી, એવો એતેકાદ પુશકલ દીનદારો અને દાનાવોનો છે. અને ખુદ હમારી યાદદાસ્ત મુજબ, એક જણાવા જોગ દાખલો એ છે કે, ગીયાં થોડાંએક વરસોની વાતપર જ્યારે મરનાર નશરવાનજી બેરામજી તે આપણી પારસી પંચાયત મંડલીના લાયકી-વાળા સેકરેટરીએ, મુંબઇના કીનારાના દર્યામાં પડીને આપઘાત કીધો હતો, ત્યારે તે આપઘાતના દીવસ પછેથી ઘણાએક દીવસો તલક, આપણા માનવંતા

અને દીનદાર મોટા અકાબર સાહેબ સર દીનશાજી પીટીટ બારોનેટનાં સ્વપનામાં, તે આપઘાત કરનારનું સ્વરૂપ દર્યામાંજ રજલતું અને પીડાતું નજર આવ્યા કીધું હતું. તેથી અંતે એ ધરમીક દીલના અકાબર સાહેબે બેહસ્તી મોટા દસ્તુરજી હસ્તકથી સઘળી રીતની બારીક પુછપરછ કરી-કરાવીને, આપણી અસલી પવીત્ર જરથોસ્તી દીનઆઇનનાં ફરમાન મુજબનું ધરમદાન તથા ભણુતન અને કીયા કામ, એ દીનચુસ્ત અકાબર સાહેબે, ખુદ પોતાને ખરચે કરાવ્યું હતું. સબબ કે તે મરનારના દુખદાયક આપઘાટની વખતે એ કીયા કામો બરાબર રીતેથી થયાં નહી હોય એવું માનવામાં આવ્યું હતું. એ પછેથી એ નામદાર બારોનેટ સાહેબનું મન મોકલું રહ્યું હતું.

આએ વાત કદાચ તમો સાહેબોને નહીં માનવા જોગી લાગશે, પણ જે થયું હતું તે મરહુમ દસતુરજી જામાસ્પજીને મોહડેથી તેજ વખતે સાંભળીને હુંબી બહુ અજબ થયો હતો.

એવા અને બીજા બનાવો ઉપરથી ખોલ્લી રીતે એમજ સમજાય છે કે, આપઘાત કર્યાથી, સઘળાં દુઃખ દરદોનો અંત આવે છે, તે તદનજ મોટા ગુનાહ ભરેલી ભુલ છે, અને તે આપઘાત કરનારનાં ખુદ પોતાનાં અભાગ તથા અજ્ઞાન અને બેઇમાનીનીજ તે ઉત્પતી છે. અને હમોએ ઉપર જણાવ્યું છે તેમ, આપઘાત કરનારનાં રવાંનને તરેહવાર વીપતો અને વેદનામાં રીબતા રેહવાની સજા કુદરતથીજ થતી રહે છે.

બીજા કેટલાએક ફીલસુફોનું મત એવુંબી છે કે આપઘાટ કરનાર શખ્સ જેટલાં વરસોની પોતાની કુદરતથી સરજેલી ઉંમરની અગાઉ મરે, તેટલાં વરસો તલક, પેલી જગતમાં ઇઆને ખોદાઇ દરબારમાં તેનું રવાન દાખલ થઇ શકતું નથી, અને આએ જગતમાંજ તરેહવાર હાલત અને તરેહવાર રંગ રૂપમાં તેને વસતું અને ભોગવવું પડે છે.

કુદરતથી નેમાયલા કાયદા અને પીર-પેગંબરો હસ્તકથી જણાવ્યામાં આવેલા ફરમાનો મુજબ, એવા લખાણુની સચાઇ કોઇબી સ્યાણા ગ્રહસ્થોને માનવા અને કબુલ રાખવા જોગી દડયા વગર રહેશે નહી.

એક દાંનાવ અને પહરેજગાર જરતોસ્તી દસ્તુરનાં અપઘાતના ગુનાહ વીશેનાં યાદગાર સખુનો.

"જેમ લોકો સાધારણ રીતે મરઘાં—બટકાંનાં જાન લઇ તેમની જીંદગીનો નાસ કરે છે, તેવીજ રીતી ઉપર માણુસ જાત અને વળી માજદી-અશનાન જેવો એક વધારે કીમતી બંદો ખુદ પોતાનાં જાન-સાથે ચેડાં કાહડીને, નજીવી બાબદો સર પોતાની જીંદગીનો અંત લાવવા શીખ્યો છે. હરએક માણુસ ખોદાના પવીત્ર કાનુનો તોડવાથી, તે પોતે ખુદ તે સાહેબની સતા સામને એક મોટા બલવાખોર તરીકેનો તકશીરવાર થાય છે, એવું ખરા કાબેલ લોકોનું મત છે. માણુસ જાતે ખોદાના નીયમો પાળવા એજ તેની બંધે જેહાંનની ખરી સલામતી છે. તેમજ ખોદાના કાનુનો તોડીને અને તેણે ઠેડવેલી સરજતોમાં ક વખતે અને અઘટીતપણે હાથ ઘાલીને, ઇનશાને તેની આડે જવું, એ સઉથી મોટું પાપ છે. આપણી જીંદગીની ચોકસ હદ, જે તે કીરતારે રોજે અવલથી, આપણે સર મુકરર કરી મુકેલી છે, તેમાં આપણે હાથે કંઇબી હરકત કરવી, એ પણ ભારે મોટું પાપ તેમજ ખોદાની હકુમતનો અનાંદર કરવા સરખું કામ ગણાએ છે. અને એજ તકસીરના પ્રમાણુમાં પેલી જેહાનમાં, તેના સજાબી સઉથી સખત છે.

આપઘાતનું કામ ધરમે ધીકારેલું છે, તેમજ આપઘાતને મંડલી તરફથી બી ધીકાર મળેલો છે, તેમજ ધર્મ સંસાર અને રાજબંધનની શરીઅત પ્રમાણે "આપઘાત" સઉથી ભારે સજાને પાત્રનો થઇ ચુકેલો છે.

આપણા પવીત્ર ધર્મનાં કલાંમો પ્રમાણે માણુસનું રૂહુ જ્યારે આએ જેહાંનમાં આવવા નીકલે છે તે વખતે તે કીરતારની નજદીક ફકત એટલોજ એકરાર કરી આવે છે કે, પેલી રંજ ભરેલી દુનીઆંમાં જઇને, તારા હુકમોને તાબે રહીશ અને તારી તરફની ફરજો અદા કરતાં, વચમાં જેબી દુખ, તથા રંજ અને બલા નડશે, તેને ધીરજથી બરદાશત કરીને હું ચાલીશ. ઇત્યાદી.

વલી માજદીઅશની દીનનું આદમી ગુજરવા પછી, તેના ચેહારમને દીને, "ચીનવદ" પુલ આગળ તેનો ઇનસાફ થવા બાદ, જો તેનું રવાન સવાબકારક હોય છે તો, બમન અમશાસપંદની નજદીક "મેદીઓજરેમ" નું પ્યાલું પીવા જાય છે. યાને આએ જીંદગીની સખતીની થાક ઉતારી, તમામ ગમ વીશારન થઇને, પેલી જેહાનની ખુશી ભરેલી જે લાગણી જે અશો લોકોનાં રવાંનને ઉપજે છે, તેવીજ તે રવાંનને બી ઉપજે છે.

એ વખતે બી પેલો "બહમન અમશાસપંદ" ફેરેશતો પેલાં રવાનને એમ કહી સંભલાવે છે કે, તું પેલી સખતી ભરેલી નીચેની દુનીઆંથી છુટકો પામીને, આએ મીનોઇ જેહાનમાં આવ્યો, તેથી તું મોટો ભાગ્યશાલી થયો.

એ ઉપરથી તો એમજ સમજાય છે કે આ દુન્યામાં રંજ, શખતી તથા ખોદાઇ બંદગી અજમાવવાને ખાતરંજ, આપણને મોકલવામાં આવે છે. અને એ રંજ શખતી અને બંદગી છે તેજ બેઉ ભવની ખરી ખુશીની કસોટી છે.

હવે જ્યારે કોઇ સખસ અતરેની મુસ્કેલી અને કંઇક પ્રકારનાં દુઃખથી હારીખાય, અને તેની સામને ધીરજ અને સંતોષથી ટકી રહીને, ખોદાના હોકમો બજા લાવવાને બદલે એકદમ જીવપર આવી જઇને પોતાની જીંદગી બરબાદ કરે તો, તેથી આપણને પેદા કરવાની સઘલી મતલબજ ઉંધીવલી જાય, અને સદાની સરમીંદગી અને લેઆંનતની તોક આપરે ગલે ટીંગાયલી રહે તેમાં કશો શક નથી.

સેજ સંસારી ખટપટ અથવા બોલાચાલી થતાં, તથા કંઇ બીજી મુસ્કેલી આવી પડતાં, અને એવાંજ બીજાં કારણોને લીધે, હારીખાઇને ઘણીજ તકલીદી ધાસ્તીના માર્યા આપણાં કેટલાએક લોકો, એકદમ કુવા-તલાવ કરીને અથવા ઝેર ખાઇને આપઘાત કરે છે, અને એથી જાવેદાંન સુધીની પીડા અને આઝાબ પોતાના રવાંન ઉપર ખેંચી લીએ છે. એ કામ બેશક મોટા અફશોશ ભરેલું તેમજ મોટી દેવપરસ્તીનું કામ ગણાય છે.

જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં ખુન અને આપઘાત એ બેઉ ગુનાહની તકશીર એક સરખીજ છે, તથા એ બેઉની સજાબી એકજ રીતીની છે. અને એ ગુનાહને આપણા ધર્મમાં "મરગરજાન" ગુનાહ તરીકે જણાવેલો છે. તથા એ ગુનાહની સજાનો કેઆંમતના દાહડા સુધી છેડો નથી. તથા એ ગુનાહ ફીજે કંઇબી રીતની તોજેશ અથવા પસ્તાપ ચાલતો નથી, તથા કોઇબી રીતની સખાવતથી તે માફ થઇ શકતો નથી.

ઇઅઝદાં પરસ્તી ધર્મનાં જ્ઞાન અથવા ઇમાન વગરની હાલત તે ગોયા તેજી ધાર વગરની બુઠી તલવારનાં જેવી હોય છે. જ્યારે એવું જ્ઞાન અથવા એકીન એક ઇનસાંનમાં હોતું નથી, ત્યારે સવાબ તે શું અને પાપ તે શું તેની ખરી સમજ કે ખરી લાગણી તે શખસમાં હોતી નથી, અને તેથીજ "આપઘાત"માં કેટલા ગુનાહ અને કેટલા ગેરફાયદા છે તે વીશે તે તદનજ બેખબર રહે છે. કોઇ નહવાં પણ નીર્દોષ પ્રાણીનેબી ઇજા કરવાની જરથોસ્તી

ધર્મમાં અને જરથોસ્તી દાનાવો અને ફીલસુફોનાં મત મુજબ પાપ છે અને તેઓલા કાજે સજા કરવાનું ફરમાવેલું છે. વલી એક મુખ્ય ફરમાન એવું છે કે દરેક માણસે પોતાનાં તનની તનદરેસ્તી અને જીવની સલાંમતીનાં ઉપાય સદા કરતા રહેવું. હવે જ્યારે તન અને જાનને કંઇબી પ્રકારની સેજસાજ અથવા નજીવી જેવીબી ઇજા થવા દેવાની મનાઇ છે, ત્યારે તેજ તનને તેના સઉથી વહાલા મીત્ર જાનને એક જાતની ઘાતકી જબરદસ્તી ભરેલી રીતે જુદો કરવામાં કેટલી મોટી તકસીર ગણાઇ શકાય તેનો વીચાર દરેક સમજુ શખસે પોતેજ કરી લેવો. તે ખોદાતાલાએ બક્ષેલી હયાતીની મુદતનો અંત, ખુદ પોતાનીજ બેસમજથી કવખતે લાવવામાં, કેટલો માહાભારત ગુનાહ સમાયલો છે, તેનું કંઇબી ભાન જે શખસ નહીં ધરાવે તેને પુરેપુરો બદબખત અને પુરેપુરો દુખીયો સમજવો.

સેહજસાહજ દુ:ખ અથવા અડચણ અથવા કજીઆ-ટંટાને લીધે, હાલના પારસી જવાન્યાંઓ, આપઘાતમાંજ પોતાનું ખરૂં શુખ અને પોતાનો સદાનો છુટકારો સમજતાં જણાયાં છે, તેઓની કેલવણી અને તેઓનાં સેતાં-નીઅત ભરેલા સુધારા તરફ મોટામાં મોટો ફીટકાર અને તીરસ્કાર બતાવતા રેહવાની દરેક શુધા અને દીનદાર શખસની ફરજ છે. જેમ એક તેજી તલવારનું કામ ખરી જંગનાં મેદાનમાં બહાદુરી અને બુરા મુદઇઓને કાપી આ જગતનાં ભલાં લોકોને રાહત અને આનંદ બક્ષવાનું છે, તેમજ ઘડીભરની દુ:ખી અથવા મુસ્કેલ હાલતને પોતાનો દુસ્મન ગણીને કતલ કરી નાખીને દહશત દેખાડવાનુ છે, અને તેથીજ તેનાં ધણીની મરદાંનગી અને બાહદુરી માલમ પડે છે. તેમજ દુ:ખ અને મુસ્કેલીની સાંમે દીલની ધીરજ, મનનુ શાંતપણું અને ખોદાની બક્ષેશનો ભરોસો છે. પણ જેમ જંગનાં મેદાનમાં દુસ્મનની સામને, તેજી ધાર વગરની બુડી તલવાર લઇને જવાથી કશી જીત મેલવી શકાતી નથી, પણ ઓર શીકશત ખાવી પડે છે, તેજ મીસાલે સંકટ અને વીપતની વખતે, જ્યારે ખોદાની તરફની મદદનો વીસસ અને ખુદ પોતાની સમજ શકતીની ધીરજ એક શખસમાં હોતી નથી, ત્યારેજ તે પોતાની જીંદગીનું છેવટ લાવવાના ઉપાય તરીકે "આપઘાત"નું જબુન કામ કરી દેવાની દેવાનગી બતાવે છે.

પણ એવી અજીમ ગુનાહ ભરેલી, આપઘાતની દેવાનગીનો અટકાવ રાખવા-રખાવવા કીજેની સઉથી મોટી જાંમીનગીરી તો, નાંધલી ઉંમરથીજ પવીત્ર જરથોસ્તી ધર્મનીતી-રીતીનું ગ્નાન અને સંગીન કેલવણીજ, પારસીઓના ઉભરતા છોકરાઓ અને છોકરીઓને આપવા-અપાવવામાં

છે, જે લગભગ બીલકુલજ આપ્યામાં આવતું નથી, એમ મોટા અફ્શોષ સાથે કબુલ રાખવું પડે છે. અને એ બાબેની બેઉ જેહાનની જોખમદારી અથવા જવાબદારી, તે દરેક કોમનાં લોકોનાં ખરા આગેવાનો અને કેલવણી ખાતાંના ઉપરીઓ અને રાહબરોને સર રેહે છે તેમાં કશો શક નથી. વળી "મેડીકલ કાલેજ"ના વડા ડાકટર શીક્ષકોએબી એવી નીતીના ધડા પોતાનાં સઘલા શાગેરદોને હરદમ શીખવતા રહેવું ઘટે છે.

આપઘાત કરવાના માહ ગજબનાક પાપ વીશે એક હીંદુ ડાકટરે પોતાના ભાશાણમાં કહી સંભળાવેલા સખુનોનો અગતનો સાર.

"ડાકટર ઉમેદરામ લલુભાઇ" નામના એક ચંચલ હીંદુ ભાઇએ, ઉપલીજ બાબતને લગતા સખુનો કહીને, આજના જુવાન પારસીઓને તથા પારસણોને અને બીજાઓને સારી શીખામણ દીધી હતી, તેનો કંઇક સાર હમો ઉપર એક મીત્રે લખી મોકલવાની તજદી લીધી છે, તે સખુનોબી અત્રે નોંધી રાખવાને હમોએ ઘટતું વીચાર્યું છે, અને તે સખુનો તે આ નીચે પ્રગટ કર્યા મુજબના છે.

"પોતાનો વીષય રજુ કરતાં તેઓએ જણાવ્યું હતું કે આજ કાલ પેપરોમાં વારંવાર આપઘાત કરવાના દાખલા વાંચીએ છીયે. આ તો એક છોકરાએ પરીક્ષામાં નાપાસ થવાથી આપઘાત કરયો,—ફલાણી છોકરીએ બાવાએ પરણાવવા ના કહી તેથી આપઘાત કરયો,—કોઇએ પઈસાની સંકોચથી તો કોઇએ સટામાં પઇસા ગુમાવવાથી આપઘાત કરયો. આવા આવા અનેક દાખલાઓ વારંવાર બને છે, અને એ આપઘાતનો ચેપ એવો છે કે શરૂઆતમાંજ જો તેના ઇલાજ ન થાય તો, જેમ અમેરીકા અને ફ્રાન્સમાં આપઘાત સાધારણ થઇ પડયો છે, તેમ હીંદુસ્તાનમાં થશે. **પારસી કોમમાં તો એ ચેપ પગ ઘાલી બેઠો છે.** આપઘાત! આ બોલજ ઉચારતાં આપણાં અંતરમાં કેવી કંપારી પસાર થાય છે! તેનો વીચાર કરતાંજ કેવું આપણું તન થંડું થઈ જાય છે? તે પરમાતમાની જે અમુલ્ય બક્ષેસ, આપણો જીવ તેને અવીચારે, ગુસ્સાના મારયા દુઃખની કંટાળેલા બરબાદ કરી, આ હસ્તીમાંથી બીજી જેને માટે બહુજ થોડું આપણને જણાયલું છે, તેવીમાં ચાલ્યા જઇએ, એ કેવી સંતાપની વાત! આપઘાત એ દેહથી પ્રાણને છુટો પાડવાની શેતાનીયત કરીયા છે. જુના જમાનાની તવારીખમાં યા શાસતરોમાં આપઘાતના દાખલા થોડાજ મળી આવશે.

હાલ આપઘાત શા કારણથી થાય છે તેને તપાસીએ. કારણો ઘણા છે પણ તે તપાસતાં પહેલાં માણસ કોણ અને શું છે તથા તે શાનો બનેલો છે અને કેમ જીવી, કેમ મરે છે, તે વીષે ધ્યાન પુગાડવાની અવશયકતા છે. માણસ કયાંથી બની આવે છે તથા કેમ અવતરે છે એ વીષે બોલવાનો આ સમય નથી. પણ તે માટે એટલુંજ જાણવું બસ થશે કે સઘળી સરૂષટીની વસ્તુઓ પેઠે તે પણ નીરમાણ કરમાધારે જનમેલો છે. તેની બનાવટ સાતપરણી છે એટલે સાત ભાગોનો તે બનેલો છે, જેમાંનો એકજ સાધારણ તન તરીકે આપણે આંખેથી જોઈએ છઇએ. આતમાથી ખાકી તન સુધીના સાત ભાગોના સમુહનો માણસ બનેલો છે. મનુષ્યની વરૂતીનું જોર મન અને કામ ઉપર મુખ્ય આધાર રાખે છે. જો કામનું જોર કમ રહે તો પરૂથ્વીની લોભી નીષ્ટા પણ દબાયલી રહે છે, અને જો મનનું જોર કમ હોય તો કામી વરૂતી પ્રકાશે છે, જેથી ઇનસાનને તરેહવાર દુન્યાઇ ખ્યાલો આવ્યાજ કરે છે. આ ખ્યાલો તે છે કે જેને જો કાબુમાં ન રાખ્યા હોય તો માણસને કેવળ ઉંધે મારગે ઉતારી દે છે. આજ કાલ ગોસ્ત અને દારૂનો ખોરાક પારસીઓ તેમજ માઠાં ભાગ્યે હીંદુઓમાં પણ બહુજ પ્રસરી રહ્યા છે, જેથીજ મનોવીકાર સંપાદન થાય છે, અને આપઘાત જેવાં અધમ અને અવીચારી કુકરમોને જન્મ મળે છે. માંસ અને મુખ્યતવે કરીને મદીરાથી, દેશો અને કોમોના નખોદ વળયાં છે, અને મારા પારસી ભાઇઓમાં એ વસ્તુનો થતો હદ બહાર ઉપયોગ તેઓની ખરાબીનું મુળ નીવડયા વીના રહેનાર નથી. માણસના મનની પવીત્રાઇ ગુમ થઇ, ક્ષમા અને ધીરજ જેવા ગુણો નાશ પામે છે અને તેથીજ માણસ આકળો થઇ નજીવી બાબતમાં આપઘાત કરવા તઇયાર થાય છે. આ મોટી અગત્યની બાબતપર લોકોની બુધી ઉઘડતી નથી એ મોટી દીલગીરીની વાત છે. વળી અભ્યાસનો પ્રસાર કઢંગી રીતે વધી જવાથી, છોકરા છોકરીઓના ભેજા ઉપર અણઘટતું ભારે દબાણ પડે છે, જેની સાથે ચોકસ સંસારી કુટેવો આમેજ થવાથી, આપઘાતને ઘણુંજ ઉતેજન મળે છે. આજ કાલ પ્યારને લગતી વાતોના ચોઠટાં જેવા લખાણો, નાદાન માણસનું ભેજું ચસકાવે એવી બાબતોથી ભરપુર, ઘણા વધી પડયાં છે. સારા કટુંબોએ તો એવા લખાણો પોતાનાં ઘરોમાં દાખલજ ન થવા દેવાં જોઇયે. આવી સડેલી સ્થીતીનો ઉપાય ફકત એકજ છે અને તે એ કે સંસારી હાલતને સુધારી શુધ બનાવી અને કેળવેણીમાં ધરમ અને નીતીનો સુબોધ બીજી હરેક બાબત પ્રથમે જરૂર કરી આપવો. જો આ પ્રમાણે કરવામાં આવે તોજ આપણો ભવીષમાં બચાવ થશે, નહીંતર હાલનો સમય વીતતાં પાછળથી વીષ વધી પડશે કે જ્યારે તેનો અટકાવ થવો યા તેપર અંકોશ કરવો સ્વપને વહી જશે."

મજકુર ડાકટર હો૦ કુ૦ તવરીઆની આપઘાતને લગતી સરકારી અમલદાર અથવા કારોનર અને જુરીએ કીધેલી તપાસ અને તેઓની હજુરમાં અપાયલી સાક્ષીઓની છપાયલી મુખજબાનીનો અગતનો સાર.

Bombay Gazette "Friday June 22, 1900.

Dr. Hormusji Kuverji Tavaria L. M. and S. Committed suicide by taking opium, on Wednesday night in consequence of the differences that had been existing between him and his wife since some months past.

Mr. A. F. Turner, the Coroner held an inquiry yesterday morning regarding the death of the deceased.

Goolbanoo, widow of the deceased, deposed that her husband was a medical practitioner. He was about 35 years of age. On the 29th ultimo, she went to Colaba on a visit to her father, Mr. K. N. Kabraji who left for England on the 2nd instant, and since then she had been staying there with her brother and sisters.

Deceased and the witness used to have squabbles some times but had not been separated. The deceased and her father Mr. Kabraji were not friends." &c.,

Mr. Sorabjee Cursetee Dhondee a merchant and a member of the Municipal Corporation, said that the deceased was a friend of his ten years standing. On Wednesday morning deceased came to his Bungalow, and asked him to get another male adult, to attest his will with him. Deceased then said *that he was tired of life on account of the diferences between him and his wife.* As the witness knew deceased and his father-in-law very well and also his wife, he undertook to settle the matter amicably and to bring his wife back home. Deceased said that as they were constantly fighting, his life was a burden to him. This was not the first time that he had complained to him of the quarrel he had with his wife."

(મુંબઈ સમાચાર, તા૦ ૨૨ મી જુન ૧૯૦૦.)

હો૦ કુ૦ તવરીઆ નામના એક પારસી ડાકટરે કરેલો આપઘાત.

"ગઇ કાલે સવારના કારોનર મી૦ એલન એફ૦ ટરનરે ચીંચપોગલી ખાતે ડાકટર હોરમજી કુંવરજી તવરયાની લાશ ઉપર જુરી ભરી હતી. મરનારની વીધવા ગુલબાનુએ જુબાની આપી કે, મરનારની વય પાંતરીસ વરસની હતી. મરનાર એક ડાકટર હતા, વીકટોરયા જુબીલી ટેકનીકલ ઇનસ્ટીટયુટમાં ભાષણ આપતા હતા અને ડીસ્ત્રીકટ મેડીકલ પ્લેગ આફીસર હતા. ગયા માસની તા૦ ૨૯ મીએ હું કોલાબે મારા બાપ મી૦ કેખશરૂ નવરોજી કાબરાજી જેઓ ચાલતા માસની તા૦ ૨ જીએ યુરોપ ગયા હતા તેમને મલવાને ગઇ હતી, ત્યારથી હું ત્યાં મારા ભાઇ અને બેહેનો સાથે રેહેતી હતી. આસરે નવ દીવસ ઉપર મેં મરનારને એક લગનની મીજલસમાં જીવતા જેયા હતા. ગયા બુધવારની મધ્ય રાતના મારો એક પડોસી કોલાબે આવ્યો, અને મને ખબર આપી હતી કે, મરનારે ઝેર ખાધું છે અને તેમને સર જમશેદજી હોસપીટલમાં લઇ જવામાં આવ્યા છે, જેથી હું, મારો ભાઇ અને મારી એક બેહેન તે પડોસીની સાથે હોસ્પીટાલમાં ગયાં હતાં, જ્યાં મરનારને મેં મરણ પામેલા જેયા હતા. કારોનરના હુકમથી મરનારની લાશને ભાયખલે તેમના બાપને બંગલે લઇ જવામાં આવી હતી. મરનાર હંમેશા સારી હાલતમાં હતા અને અફીણ તેમજ ચામડી વાટે દવા મારવાની પીચકારી લેતા હતા નહીં."

એસપરંસ ફરનાનડીઝ નામની મરનારની નોકરી માહેલી એક બુઢી ગોવાનીસ આયાએ જુબાની આપતાં જણાવ્યું કે, ગયા માસની આખેરીએ મારી શેઠાણી પોતાના બચાંને લઇ પોતાના બાપને ઘર ગઇ હતી. હું મારી બાઇ સાથે ગઇ હતી નહીં, પણ મરનાર આગલ રહી હતી. ગયા બુધવારને દીને સાંજના ૭ વાગે મરનાર કપડાં પેહેરી બાહાર ગયા હતા. રાતના તેઓ પાછા આવ્યા હતા, તે પછી તેમનું જમણ હું ઉપર લઇ ગઇ હતી. તે વેળા તેઓ ખુશ મીજાજમાં દેખાયા હતા, અને પોતાનું જમવાનું ખુશી સાથે ખાધું હતું. અરધો કલાક પછી મરનારે મને બોલાવી અને બીછાણા ઉપર કુરતની નાંખવાને તથા પોતાને પંખો નાંખવાને મને કહ્યું. અરધો કલાક

સુધી મેં તેઓને પંખાથી પવન નાખ્યો હતો જે પછી મરનારને જોરથી દમ લેતાં મેં સાંભળ્યા. મેં મરનારને બોલાવ્યા પણ મને પાછો જવાબ મળ્યો નહી. મેં તેમને હીલવ્યા અને તેઓ મને બેભાન હાલતમાં જણાયા. બબરચીને બોલાવી કોઇ પડોસીને તેડી લાવવાને મેં કહ્યું. પડોસીએ આવી મરનારને ઉઠાડવાની કોશેશ કીધી પણ ફોકટ. પડોસી, ડાકટર ફરદુનજી બીસનીને બોલાવી લાવ્યા જેઓની સલાહ ઉપરથી મરનારને સર જમશેદજી હાસ્પીટલમાં લઇ જવામાં આવ્યા હતા. હું મરનારના ઓરડામાં ગઇ હતી, ત્યારે જુરી આગળ રજુ કરેલી બાટલી ટેબલ ઉપર મારા જોવામાં આવી હતી, અને તેની ઉપર "અફીણનો પ્રવાહી અરક ઝેર" એવી ટીકીટ મારેલી હતી. એ બાટલી ખાલી હતી. વળી ટેબલ પાસે પડેલી એક ખુરસી ઉપર ચામડી વાટે દવા મારવાની પીચકારી પડેલી મેં જોઇ હતી. પીચકારી ઉપર સોય લગાડેલી હતી, અને તે સઘળાંની પાસે આ રજુ કરવામાં આવેલો બાકસ પડેલો હતો, જેના ઉપર "મોરફાઇન (અફીણનો તત્વ) સલફેડના ત્રીજા નંબરવાલો તેબલોઇડ-ઝેર," અને તે સાથે એક નાનું દવાનું કપ અને ખાલી ટમલર પડેલાં હતાં."

"મી૦ સોરાબજી ખરશેદજી ધોંડીએ જુબાની આપતાં જણાવ્યું કે, હું વેપારી અને મુંબઇની કોરપોરેશનનો સભાસદ છું. મરનાર સાથે મને દશ વરસ થયાં મીત્રાચારી હતી. ગયા બુધવારની સવારના આસરે સાડા નવ વાગે મરનાર મારે બંગલે આવ્યા અને મને કહેવા લાગા કે તમારી સાથે કોઇ બીજોબી ઉંમરે પુગેલો શખ્સ મારાં વસીયતનામાં ઉપર શાખ કરવાને માટે મેળવી આપવો. **તેઓ બીજું એ બોલ્યા હતા કે, હું તો જીંદગીથી કંટાળી ગયો છું, કારણ કે વારંવાર મારા અને મારી બઇરી વચે કજયો થયા કરે છે. હું મરનારને તેમજ તેમના સસરા અને મરનારની સ્ત્રીને સારી પેઠે પીછાણતો હોવાથી મે એ કજ્યાની માંડવાલ ઘેર મેલે કરવામાં અને તેમની સ્ત્રીને બોલાવી લાવવાનું માથે લીધું હતું. મરનાર બોલ્યા કે હમણાં તો હંમેશની લડાઇ થયા કરે છે, અને તેથી મને મારી જીંદગી બોજા સમાન થઇ પડી છે. મરનારે મારી આગળ આ ધણી ધણીયાંણી વચેના કલેશ વીશેની આ ફર્યાદ કાંઇ પેહેલી વારજ કીધી ન હતી."**

એ મરનાર ડાકટર તવરીઆના આપઘાતને લગતા એજ મુજબના હેવાલ "ટાઇમ્સ આફ ઇંડયા" મધે, તેમજ "જામે જમશેદ" તથા

"અખબારે સોદાગર" અને બીજાં આબરૂદાર જાહેર પત્રો મધે છપાઇ ચુકેલાં છે. અને એજ ઉપરથી ખોલ્લી રીતે અથવા કંઇબી રીતનાં શકસોબેહ વગર સાબેત થઇ ચુકું છે, કે દુ:ખના માર્યા તેવણ આપઘાતજ કરીને મરણ પામ્યા હતા. અને તેવણની પાછલ કેટલાકો એવો કલંક મુકતા સંભળાયા હતા, કે અફીમ ખાવાની અને દારૂ પીવાની તથા ઉંઘને સારૂ જાંગમાં શુઇઆ ભોકીને અફીમ પ્રવેશ કરવાની ટેવ હતી, તેવું બોલવું સદંતર ગલત અને નાપાયદાર છે.

હવે ઉપલા આશાંમીઓએ પોતાની શાક્ષીમાં જણાવેલા નજીવા સબબસર, મજકુર તવરીઆ ડાકટર જેવા શીખેલા અને બાહોશ ગ્રહસ્થે આપઘાતથી પોતાનો પ્રાણ કુબજ કરવાનું મહા પાપી કામ કરવું શું સજાવાર હતું વારૂં? અને એવાં કામસર તે મરનારની યાદગારી રાખવા જેવું "હંમબગ" ઉભું કરવામાં કંઇબી ડહાપણ હોય વારૂં?

એવાં કામ કરનાર એક શખ્સની યાદગારી રાખવી, અથવા તેની વખાણની નોંધ એક જાહેર સભા ભરીને રાખવા—રખાવવાની કોશેશ કરવી, તે ગોયા બીજા હઇઆત શખ્સોનાં ધ્યાનબી, આડે અથવા ગુનાહ ભરેલા માર્ગ તરફ ખેંચવા બરોબર ગણાએ, અને તેથી ભવીષમાં અનેક રીતનાં ગેરફાયદા અને બદબખ્તી પારસી કોમમાં ચાલુ રહેવા પાંમે, એવું સમજીને, મી૦ શોરાબજી ખરશેદજી ઘોંડીએ, એ યાદગારી રાખવા વીશેની જાહેર ખબરો તા૦ ૨૨ મી જુલાઇને આતવારને દીને છપાવેલી જણાઇ, તેજ દીને એક પત્ર લખી મી૦ શોરાબજીને મેં પુછયું હતું કે એ યાદગારી એટલે શું? અને તે કેવી રીતે અને કોણથી રાખી—રખાવી શકાય? ઇત્યાદી.

એ મારા પત્રનો જવાબ છેક તા૦ ૨૩ મીની સાંજ સોમવાર સુધી નહી મલ્યો, ત્યારે મંગલવાર અને તા૦ ૨૪ મી જુલાઇએ મારી તરફનું એક ભાષણ ઉભું કરવાને મેં ઠેરાવ કીધો અને તે બાબેની જાહેર ખબરો

બુધવારનાં જાહેર પત્રોમાં છપાવી, તા૦ ૨૬ મી જુલાઇ ને બ્રેસપતવારે ભાષણ આપ્યું હતું. અને એવું ભાષણ તાબરતોબ અથવા એટલી શેતાબીથી આપવાનું ખાસ કારણ એજ હતું કે. તા૦ ૨૮ મી જુલાઇને સનીવારે મરનાર ડાક્ટરની એ યાદગારી રાખવાની મી૦ શોરાબજી ઘોડીવાલી સભા એક નાટકશાળાના જાહેર મકાનમાં મળનાર હતી. અને મને એ સભાનું કામ અને હીલચાલ પારસી કોમનાં અથવા મારા હમજાતીઓ અને દીનદારોનાં હકમાં નુકશાનકારક લાગ્યું હતું. તેથી તેનો મારાથી બનતો અટકાવ કરવાનાંજ ઠેરાવ ઉપર હું આવ્યો હતો. મરનાર ડાક્ટરનાં મીત્રો અને સગાંઓ તરફથી એ ભાષણ નહી કરવાની મને સુચનાઓ થઇ હતી, તોબી મારા હમદીન ભાઇઓનાં ભલાંને અરથે મારા ઠરાવને છેવટ સુધી વળગી રેહવાનેજ મેં વાજબી અને સવાબવંતું કામ વીચાર્યું હતુ.

પારસીઓનાં ઉગરતા છોકરાઓ અને છોકરીઓને જે નાસતીક અને નુકશાનકારક કેલવણી મળે છે અને મલેલી છે, અને જે અવીચારી તથા વગર દર દેહશતની છુટછાટ મેલવીને, એક જાતની વીખરાએલી હાલત તેઓ ભોગવે છે. તે ઉપર દુર અંદેશાની નજરથી જોતાં, એવી "યાદગારી" ની વાતથી તેઓનાં ભેજાં ઓર વધુ ને વધુ ચશકી જાશે, અને આપઘાતના કામને એક જાતની નામદારીનું કામ સમજીને તેની નકલ કરવા પર ઉલટ અને હીમત ચલાવ્યા જશે, વાસ્તે તે વીશેની ખરી નાપસંદગી જાહેર રીતે જણાવીને, બની શકતો અટકાવ અથવા હરકત નાંખવાને હું મારાં ખરાં અંતઃકરણથી ઘટતું અને વાજબી સમજ્યો હતો.

મીજલસની બાનુઓ અને ગ્રહસ્થો, તમો કદાચ સેહલથી મારાં કામની અથવા મારી તરફની વીરૂધતાની મતલબ સમજી શકસો કે, અગર જો મજકુર "ડાકટરના આપઘાત"નું કામ ખુબીવંતું અથવા યાદગારીની વખાણ જાહેર રીતે મેલવવાને લાયકનુંજ ગણાયલું પસાર થાય તો, એજ ડાકટરનો એક નાંધલો દીકરો છે, અને જેને તે ખોદાતાલા તનદરોસ્તી સાથે રાખે એવું હું ઇછું છું, તેજ દીકરો પોતાના કાબેલ પીતાને પગલે ચાલીને ડાકટર થાય, અને તેના જાણવામાં તથા વાંચવામાં એવું આવે કે, "આપણા બાપાજી તો આ મુજબના એક નીરજીવ સબબને લીધે આપઘાટ કરીને મરણ પામ્યા હતા," તોબી તેવણની વખાણની અને માનની યાદગારી, તેવણની પાછલ રહી હતી, તેજ મુજબ જો હું બી કરૂં તો મારૂંબી કામ અને નામનીશાન ભવીશમાં યાદગાર રહી શકશે. એવો જેહરી ચેપ તેના ભેજાંમાં દાખલ થાય અને તે બેટાબી અથવા તેવાજ કોઇ બીજા શખસોબી, આપઘાટ કરવાને

તૈયાર થાય, તેમાં શું કંઇ શક છે કે વારૂં ? વાસ્તેજ એવાં કામ તરફ આપણી તરફનો જાહેર રીતનો તીરસ્કાર બતાવીને, કંઇબી રીતનું સીધું અથવા આરકતરૂં ઉતેજન આપવું-અપાવવું, દીન તથા દુનીયાની રાહે બીલકુલજ ઘટારત નથી, એવું કહી સંભળાવાને હું મારી ખાસ ફરજ સમજું છું.

હવે મરનાર ડાકટર હોરમજી કુંવરજી તવરીયાની યાદગારી કેમ રખાય, અથવા કેમ રાખવી જોઇએ તે વીશે મારી તરફની અંગતની સુચના અને સહલા.

ઉપલી સઘળી બીનાથી મી૦ સોરાબજી ખરશેદજી ધોંડી તથા બીજા તેવણુના સાથી સોબતીઓ જે એક સભામાં એ મરનાર ડાકટરની "યાદગારી રાખવાની" કોશેશ કરનાર છે, તેઓથી તો કંઇ નીર્મલ તારીફ લાયકની, અથવા આ દુનીયાના બીજા સમજુ લોકો અને જુવાન્યાંઓને રૂડો દાખલો અથવા ધડો શીખવવા અને યાદગાર રાખવા જોગી નોંધ તો બરકરાર કરાઇ શકાશેજ નહી. વાસ્તેજ ખુદ હમારી તરફની મોટી નમંતાઇ ભરેલી સુચના તરીકે હમો એવું કહીએ છીએ કે તે ખરેખરા ભલા ડાકટરની કજા સંબંધીની ખરેખરી હકીકત તથા તેવણુની જીંદગીની બાજી ભલી સીફતોની તફસીલની નોંધ રાખી-રખાવીને, છેવટે ખુલ્લી રીતેથી એવું નસીહત રૂપી મત જાહેર કરવું કે,—

(MORAL.)

આજના વખતના ઉગરતા પારસી વીદ્યાર્થીઓએ અને બીજાઓએ યાદ રાખવું જોઇએ છે કે, જે હુલર નર-નારી જુવાન્યાંઓ, પોતાના બાપ-દાદાની અસલી ભલી નીતી રીતીથી, તથા પવીત્ર રાહ-રસમથી ઉલટા ચાલે છે,—તથા પોતાના મા-બાપની સહલા અને શીખવણી ઉપર ઘટતું ધ્યાન આપતા રેહવાની બેદરકારી બતાવે છે,—તથા તેઓના ફરમાન અને રાજી-મરજી તરફ તુછકારની નજરથી જોઇ, ગમે તાંહાં અને ગમે તેવી રીતે ફરતું ભટકતું કરે છે,—તથા નાટકો, જલસાઓ, અને બીજી રીતના નાચ-રંગે અને મોજમજાહની મંડળીઓ અને મીજલસોમાં બેમહલાજા ભરેલી રીતેથી

જેઇને ખુદ પોતાનીજ મરજી મુજબની બાયડીઓ અને ભરથારો પસંદ કરી આવવાની શરમ ભરેલી છુટ લીએછે,—અને તે પછી પોતાના મા-બાપોનાં ઘર સંસારમાં તરેહવાર રીતના ફન-ફીતના અને ફજેતીન રખગાનો મચાવાની બેહાઇ અને બેમરવતાઇ ભરેલી નાદાંનીઅત બતાવે છે, તેની કણીઆઓ અને પુત્રોની જીંદગી, ખરાં સુખ અને શોભા—સંપજમાં ગુજરી શકતી નથી,—અને છેવટે તેઓને પોતાનાં જાનમાલથી નીરાશ થઇને હેરાન તથા સરગરદાંન થઇ પડયાથી, આપઘાતનાં જઅુન કામમાં પોતાનો છુટકારો સમજી, પેલી જેહાનમાં સદાકાળના દોજખની ઓર વધુ સજાનો આજાબ ભોગવનારાં થઇ પડે છે. એવી મોહતમપોશી ભરેલી હાલતમાંથી પારસી જુવાન્યાઓનો બચાવ કરવા—કરાવવા સારૂ ખરી ધર્મ નીતી સંબંધીની, તથા તે ખોદાતાલાનો દર હરદમ પોતાનાં જીગરમાં રાખવાની અને પોતાનાં માનવંતા માતા—પીતાનાં ફરમાનો અને મરજી મુજબ અમલ કરવાની તરબીઅત અને કેલવણી આપવાની કોશેશ, પારસી કોમના વડાઓ અને આગેવાનો તથા તમામ કેલવણી ખાતાનાં ઉસ્તાદોથી થતી રેહવી જોઇએ છે.

છેવટે નામીચા અંગ્રેજ સાયરોનાં આ નીચલાં સખુનો યાદ કરીને હું મારૂં બોલવું ખતમ કરૂં છું.

"Without, or with offence to friends or foes,
I sketch the world exactly as it goes."
"Blame where you must, be candid where you can,
And be each critic the good natured man."

(પુષ્કલ જોશદાર તાલીઓનાં માનના તથા શાબાશીના આવાજ મીજલશીઓ તરફથી નીકલ્યા હતા, અને એ પછી મી૦ મનચેરજી મનસુખે પોતાનું ભાશાણુ ખતમ થએલું જણાવ્યું હતું.)

મેહેર પ્રીંટીંગ વર્કસ, કોટ, મુંબઇ.

મી૦ મ૦ કા૦ મનસુખનું ભાશાણ.

ડાકટર હો૦ કુ૦ તવરીઆનાં

આપઘાતનાં ગુનાહને લગતો તીરસ્કાર

યા

ઘટતી ચાંનક આપનારો બોધ

અને

ઉપયોગી ટીકા.

(કીંમત આના ચાર.)

મુંબઈ:

ગેઝેટ પ્રીં૦ પ્રેસમા છપાવ્યું છે.

છાપી સને ૧૯૦૦ માસ આગસ્ટ.